**રેગ્યુલર દાવા નંબર  ૫૫૭/૨૦૦૫**

**<u>આંક ૧ નીચે હુકમ</u>**

આ કામે તારીખ ૩૧–૧–૨૦૧૭ ના રોજ પ્રાથમિક હુકમનામુ કરવામાં આવેલુ અને તેમાં ઠરાવવામાં આવેલુ કે, દાવાના મિલકતના વિભાજન માટે કોર્ટ કમિશનના મહેનતાણાની રકમ રુપીયા ૫૦૦૦–૦૦ જમા કરાવેથી કોર્ટ કમિશનર પત્ર ઇશ્યુ કરવુ ત્યારબાદ આજદિન સુધી વાદી કે વાદીના વિ વ શ્રી દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. પ્રતિવાદી દ્વારા આંક ૧૨૯ થી કોર્ટ કમિશનર તરીકે રાજેશભાઇ ત્રિપાઠીની નિમણુક કરવામાં આવે તો વાંધો નહી તેવુ જણાવવામાં આવેલ ત્યારબાદ વાદી દ્વારા કોર્ટ કમિશનરની નિમણૂક કરવા માટે કમિશનર ફી ની રકમ ભરવામાં આવી નથી જેથી આખરી હુકમનામા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી . અત્રેના કેસમાં આખરી હુકમનામા અંગેની કાર્યવાહી કસુરના કારણે થઇ શકી નથી. અપીલ સમય પુરો થઇ ગયેલ હોવાછતાં આજદિન સુધી કોઇ કાર્યવાહિ કરવામાં આવી નથી કે એપેલેટ કોર્ટ દ્વારા આપવામાં આવેલ સ્ટે નો હુકમ થયેલ નથી. જેથી અત્રેનો કેસ ફેસલ  કરવામાં આવે છે.

**તા.૨૭/૦૪/૨૦૧૮                પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ , ગોધરા**